# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**પરીપત્ર:**

**વિષય : વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિતે કાર્યક્રમ બાબત**
**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક: CHE/2024/1986 તા. ૧૪/૦૮/૨૦૨૪**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના સંદર્ભ પત્ર અનુસાર તા.૨૧ ઓગષ્ટ, ૨૦૨૪ બુધવારના રોજ સ્વદેશી જાગરણ મંચ દ્વારા વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ ઉજવવાનું નિયત કરવામાં આવેલ છે, જે અનુંસધાને સંદર્ભ પત્રમાં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવે છે.

વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિતે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ પૂર્ણ કરેલા વિદ્યાર્થીઓ પૈકી જેઓ આજે સફળ ઉદ્યોગસાહસિક છે, યુવાઓ માટે રોજગાર પ્રદાતા અને પ્રેરક છે તેવા વિદ્યાર્થીઓની યાદી સંબંધિત સંસ્થાના વડા/આચાર્યશ્રીએ બનાવી તેમાંથી ૫(પાંચ) વિદ્યાર્થીઓને પસંદ કરી તેમનું સન્માન કરવાનું રહેશે. યુવાનોને પ્રેરણા મળી રહે તે હેતુથી પસંદ કારાયેલ ૩ વિદ્યાર્થીઓની સફળતાની ગાથા કાર્યક્રમ દરમિયાન તમામ વિદ્યાર્થીઓને સંભળાવવી.

દરેક શૈક્ષણિક સંસ્થાએ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તેઆયોજન કરેલ કાર્યક્રમ અંતર્ગત સકસેસ સ્ટોરી અને કાર્યક્રમના પસંદ કરેલ ફોટોગ્રાફસ સાથેનો અહેવાલ સંદર્ભ પત્રમાં આપેલ ગુગલ લીક મારફતે ભરવાની રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
**કા. કુલસચિવ**

**ક્રમાંક :બીકેએનએમયુ/રજી/ ૧૮૭/૨૦૨૪**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ.
તા : ૧૬/૦૮/૨૦૨૪

**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજાના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રી તેમજ અનુસ્નાતક કેન્દ્ર/ભવનોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તરફ...**

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રીના અંગત સચિવ તરફ...

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

सत्यमेव जयते
Government of Gujarat

જા.ક્ર.:-CHE/2024/ 1986 તા.14/08/2024

પ્રતિ,

1. રજિસ્ટ્રારશ્રી, સરકારી યુનિવર્સિટી તમામ
2. આચાર્યશ્રી, સરકારી કોલેજો તમામ
3. આચાર્યશ્રી, બિનસરકારી અનુદાનિત કોલેજો તમામ

**વિષય :- સ્વદેશી જાગરણ મંચ દ્વારા બુધવાર, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે ગુજરાત રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓને કાર્યક્રમ કરવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સ્વદેશી જાગરણ મંચ દ્વારા બુધવાર, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ને સમગ્ર ભારતમાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તો તે માટે તમામે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૦૧) વિશ્વ આંત્રપ્રેન્યોરશીપ ડે નિમિત્તે શૈક્ષણિક સંસ્થાઓમાંથી પાસ આઉટ થયેલા વિદ્યાર્થીઓ, જેઓ આજે સફળ ઉદ્યોગસાહસિક છે, યુવાનો માટે રોજગાર પ્રદાતા અને પ્રેરક છે. સંબંધિત સંસ્થાના વડા અને પ્રિન્સિપાલે આવા વિદ્યાર્થીઓની યાદી બનાવી, તેઓને તેમની સફળતાની વાર્તાઓ લખવા માટે કરાવવી અને તેમાંથી 5 વિદ્યાર્થીઓને પસંદ કરીને તેમનું સન્માન કરવાનું રહેશે. પસંદ કરાયેલા ૩ વિદ્યાર્થીઓની સફળતાની ગાથા તમામ વિદ્યાર્થીઓ વચ્ચે સંભળાવવી જોઈએ જેથી યુવાનોને પ્રેરણા મળી શકે.

૦૨) તારીખ - ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૪ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિથી ૦૨ ઓક્ટોબર, ૨૦૨૪ ગાંધી જયંતિ સુધી સ્વદેશી સપ્તાહ છે. આ સપ્તાહને સ્વદેશી અને આત્મનિર્ભર સપ્તાહ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સ્થાનિક અને રાષ્ટ્રીય સંદર્ભમાં ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓને અવકાશ આપીને, આ ઉદ્યોગ સાહસિક બનવા માટે યુવાનોને કઈ પ્રકારની સહાય પૂરી પાડવામાં આવે છે અને તે માટેની અન્ય પ્રવૃતિઓ જેવી કે પ્રદર્શનો, પોસ્ટર સ્પર્ધાઓ અને ચર્ચાઓ વગેરેનું પણ સંસ્થાઓની અનુકૂળતા મુજબ આયોજન કરી શકાશે તથા આ દરમિયાન જનજાગૃતિના હેતુથી કોલેજોમાં NCC/NSS અને સ્કાઉટ એન્ડ ગાઇડને સાથે રાખીને રેલીઓ યોજવાનું આયોજન કરવાનું રહેશે. સમાજમાં જન જાગૃતિ લાવી શકાય તે હેતુથી સ્વાવલંબી ભારત અભિયાન અને સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓના બેનર હેઠળ રેલીઓનું આયોજન કરવાનું રહેશે.

૦૩) દરેક શૈક્ષણિક સંસ્થાએ વિશ્વ આંત્રપ્રેન્યોરશીપ ડે નિમિત્તે કરેલ કાર્યક્રમ સફળ રોજગાર પ્રદાતાઓની સક્સેસ સ્ટોરી અને કાર્યક્રમના પસંદ કરેલા ફોટોગ્રાફ્સ એકત્ર કરીને રિપોર્ટ બનાવીને ગુગલ લિંક ફોર્મ

https://docs.google.com/forms/d/1TmyS9qWlmGYVcM6hU-EgNMkz0BgTU0KXVNtocBZcY/prefill

ભરવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

(ડૉ. ડી. આર. દરજી)
નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના જાણ સારું :**

- માન. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી
- માન. સંયુક્ત કમિશ્નરશ્રી, સદર કચેરી